सत्यमेव जयते

દાખલ તારીખ :– ૨૨ – ૦૧ – ૨૦૧૬
નોંધણી તારીખ :– ૨૨ – ૦૧ – ૨૦૧૬
ફેંસલ તારીખ :– ૨૯ – ૦૩ – ૨૦૨૩
સમયગાળો :– <u>વર્ષ – માસ – દિવસ</u>
૦૭ – ૦૨ – ૦૭

---

**મે. ગાંધીધામનાં કર્મચારી વળતર ધારા હેઠળનાં કમિશ્નરશ્રી(એમ.એસ.સોલંકી), લેબર કોર્ટ (જે.ડી.), ગાંધીધામ, જી. કચ્છ.**

---

**વ. કો. (ફેટલ) અરજી નં.૦૪/૨૦૧૬**
**આંક–**

**<u>ગુજરનાર ગુજરનાર ડિગ્રી યાદવનાં વારસદારો</u> :–**

**(૧)** રાધિકાદેવી ડિગ્રી યાદવ, (પત્નિ) ઉ.વ. પુખ્ત, ધંધો–ઘરકામ.
**(૨)** ગોપાલ ડિગ્રી યાદવ, (પુત્ર) ઉ.વ. પુખ્ત, ધંધો–અભ્યાસ.
**(૩)** કોકીલ ડિગ્રી યાદવ, (પુત્ર) ઉ.વ. સગીર, ધંધો–અભ્યાસ.
**(૪)** ફુલવંતી ડિગ્રી યાદવ, (પુત્રી) ઉ.વ. સગીર, ધંધો–અભ્યાસ.
**(૫)** કાંતી ડિગ્રી યાદવ, (પુત્રી) ઉ.વ. સગીર, ધંધો–અભ્યાસ.
તમામ રહે. મુળ બિહાર.
હાલે રહે. ઈન્દ્રનગર,
મું.તા. ગાંધીધામ, જી. કચ્છ. ..... **<u>અરજદારો</u>**

**<u>વિરૂધ્ધ</u>**

**(૧)** કે. લોગ ગ્લોબલ પ્રા.લી.,
મારફત–પાર્ટનર/મેનેજર,
ઠે. ૬૧, મંગલમ રેસીડન્સી,
આર.ટી.ઓ. ઓફીસ પાસે,
મું.તા. ગાંધીધામ, જી. કચ્છ.

**(૨)** મેસર્સ યુનાઈટેડ ઈન્સ્યોરન્સ કંપની લી.,
વત્તી, મેનેજરશ્રી બ્રાન્ચ ઓફીસ,
ઠે. દેના બેંક પાસે, મું.તા. ગાંધીધામ,
જી. કચ્છ. ..... **<u>સામાવાળાઓ</u>**

**બાબત :- કામદાર વળતર અધિનિયમ,૧૯૨૩ હેઠળ વળતર મેળવવા બાબત...**

---

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી.ડી.આર.ભગદેવ.**
**સામાવાળા નં.૧ ગેરહાજર.**
**સામાવાળા નં. ૨ તર્ફે વિ.વ.શ્રી.વી.એન.પાઠક.**

---

**-:: ઠ રા વ ::-**

(૧) હાલનાં કામનાં અરજદારોએ ગુજરનાર સ્વ. ડિગ્રી યાદવનાં વારસદારો તથા આશ્રિતો તરીકે કર્મચારી વળતર અધિનિયમ હેઠળ હાલની વળતર અરજી કરીને આ કામનાં ગુજરનારનું સામાવાળાની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતનાં પરીણામે થયેલ મૃત્યુ બદલ વળતરની રકમ રૂા.૬,૧૨,૩૬૦/-(અંકે રૂપીયા પાંચ લાખ અઠાણું હજાર છસ્સો એંશી પુરા), અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ લેખે તેમજ વળતરની રકમના ૫૦% પેનલ્ટીની રકમ સહીત હાલનાં કામનાં સામાવાળાઓ સંયુકત રીતે અને પૃથ્થક રીતે ચુકવી આપે તેવી દાદ માંગેલ છે.

(૨) અરજદારોની અરજીની ટુંકી હકીકત એ છે કે, હાલનાં અરજદારો ગુજરનાર સ્વ. ડિગ્રી યાદવનાં અનુક્રમે પત્નિ અને સંતાનો થાય છે અને ગુજરનારની આવક ઉપર આધારીત હતા. વધુમાં તા.૦૧/૧૦/૨૦૧૫ નાં રોજ આ કામનાં ગુજરનાર સ્વ. ડિગ્રી યાદવ ખેડોઈથી વાહન નં. જી.જે.૦૧ ડી.વી.૫૮૪૪ માં ભરેલ પાઈપ લઈને બોટાદ જતા હતા ત્યારે વાંકાનેર તરફ ગાડી પલ્ટી મારી જતાં અકસ્માતનાં કારણે ગુજરનારનું અવસાન થયેલ છે. અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૫૧ વર્ષની હતી અને માસીક પગાર રૂા.૧૨,૦૦૦/- પગાર તથા દૈનિક ભથ્થુ રૂા.૧૦૦/- મેળવતા હતા. આ કામના સામાવાળાઓએ અકસ્માત તારીખથી ૩૦ દિવસમાં વળતરની રકમ જમા કરાવેલ નથી. આથી અરજદારો ૫૦% પેનલ્ટીની રકમ તથા ૧૨% વ્યાજ મેળવવા હકકદાર થાય છે. વધુમાં અકસ્માત અંગેની જાણ હોવાથી સામાવાળાને નોટીસ આપવાની જરૂર નથી. અકસ્માત સમયે ગુજરનાર અને સામાવાળા નં.૧ ગાંધીધામ મુકામે રહેતા હતા. તેથી નામદાર કોર્ટને હકુમત છે. તેથી વળતરની રકમ રૂા.૬,૧૨,૩૬૦/- (અંકે રૂપીયા પાંચ લાખ અઠાણું હજાર છસ્સો એંશી પુરા), અકસ્માત તારીખથી ૧૨ % વ્યાજ લેખે તેમજ વળતરની રકમનાં ૫૦% પેનલ્ટીની રકમ સહીત

હાલનાં સામાવાળા સંયુકત રીતે અને પૃથ્થક રીતે ચુકવી આપે તેવી દાદ માંગેલ છે.

(૩) ત્યારબાદ હાલનાં કામે સામાવાળાઓને કાઢવામાં આવેલ નોટીશ ધોરણસર બજી ગયેલ છે. ત્યારબાદ સામાવાળા નં.ર તર્ફે વિ.વ.શ્રી.વી.એન.પાઠકનું વકીલાતપત્ર રજુ થયેલ છે. જયારે સામાવાળા નં.૧ હાજર થયેલ નથી તથા તેઓ તર્ફે જવાબ રજુ ન થતાં અરજદારની આંક–૧ર ની અરજી અન્વયે હુકમ કરી સામાવાળા નં.૧ નો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

ત્યારબાદ હાલનાં કામે સામાવાળા નં.ર તર્ફે આંક–૧૧ થી જવાબ રજુ કરેલ છે અને અરજદારની અરજીની તમામ વિગતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, અરજદારો ગુજરનારનાં વારસો હોય તે વાત સ્વીકારવામાં આવતી નથી. ગુજરનાર તા. ૦૧/૧૦/ર૦૧૫ નાં રોજ ગાડી નં.જી.જે.૦૧ ડી.વી.૫૮૪૪ માં બોટાદ થી ખેડોઈ ટ્રક લઈને આવતા હતા ત્યારે વાંકાનેર પાસે ગાડી ઉથલી જતાં ગુજરનારનું મૃત્યુ થયેલ હોવાની હકીકત ખરી નથી. ગુજરનારની ઉંમર ૫૧ વર્ષની હોય કે ગુજરનારને માસીક પગાર રૂા. ૧ર,૦૦૦/– અને રૂા.૧૦૦/– ભથ્થાનાં મળતા હોવાની હકીકત સ્વીકારવામાં આવતી નથી. કોઈ કાઉન્ટ ઉપર કોઈપણ જાતની વળતરની રકમ અરજદાર મેળવવા હકકદાર થતા નથી. ગુજરનાર સામાવાળા નં.૧ નાં કામદાર હોવાની હકીકત સ્વીકારવામાં આવતી નથી. તેમજ અરજદાર સામાવાળા નં.ર પાસેથી કોઈ રકમ કે તેના ઉપર કોઈ વ્યાજ માંગવા હકકદાર થતા ન હોઈ, જેથી અરજદારની વળતર અરજી રદૃ ફરમાવવા તેમજ આ અરજીનો ખર્ચ અરજદાર પાસેથી અપાવવા વિનંતી કરેલ છે.

(૪) ત્યારબાદ હાલનાં કામે અરજદાર તર્ફે નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

- **મૌખીક પુરાવા :–**

  ૧. આંક–૧૪ થી અરજદાર નં.ર ગોપાલ ડિગ્રી યાદવનું પુરાવાનું સોગંદનામું.

- **દસ્તાવેજી પુરાવા :–**

| **અનુ. નં.** | **વિગત** | **આંક/ માર્ક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| 1. | અકસ્માત બનાવ અંગેની એફ.આઈ.આર.ની ખરી નકલ. | ૨૩ |
| 2. | ગુજરનાર સ્વ. ડિગ્રી યાદવનો પી.એમ. રીપોર્ટની ખરી નકલ. | ૨૪ |
| 3. | ગુજરનારનું ડ્રાઈવીંગ લાયસન્સ. | ૨૫ |
| 4. | વાહન નં.જી.જે.૦૧ ડી.વી.૫૮૪૪ ની આર.સી. બુક. | ૨૬ |
| 5. | વાહન નં.જી.જે.૦૧ ડી.વી.૫૮૪૪ ની પરમીટ. | ૨૭ |
| 6. | વાહન નં.જી.જે.૦૧ ડી.વી.૫૮૪૪ નું ફીટનેશ સર્ટીફીકેટ. | ૨૮ |
| 7. | વાહન નં.જી.જે.૦૧ ડી.વી.૫૮૪૪ ની વીમા પોલીસી. | ૩/૭ |

(ત્યારબાદ અરજદાર તર્ફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક–૧૬ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. જે ધ્યાને લઈ અરજદારનો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.)

**(૫)** ત્યારબાદ હાલનાં કામે સામાવાળા નં.ર તર્ફે નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

➢ **<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| **અનુ. નં.** | **વિગત** | **આંક/ માર્ક** |
|---|---|---|
| 1. | વાહન નં.જી.જે.૦૧ ડી.વી.૫૮૪૪ ની વીમા પોલીસીની કોમ્પ્યુટરાઈઝડ પ્રિન્ટ. | ૧૯ |

(ત્યારબાદ સામાવાળા નં.ર તર્ફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક–ર૦ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. જે ધ્યાને લઈ સામાવાળા નં.ર નો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.)

(ત્યારબાદ સામાવાળા નં.૧ તર્ફે અરજદાર તર્ફે પુરાવા રજુ કરવા સારું હાજર રહેલ ન હોય, તા.૦૪/૧૦/૨૦૨૨ નાં રોજ કામમાં હુકમ કરી, સામાવાળા નં.૧ નો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.)

**(૬)** ત્યારબાદ અરજદાર તર્ફે વિ.વ.શ્રી.ડી.આર.ભગદેવનાંઓની મૌખીક દલીલ સાંભળવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે, અરજદારો ગુજરનારના પત્નિ અને સં તાનો થાય છે. અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૫૧ વર્ષની હતી. ગુજરનાર સામાવાળા નં.૧ નાં માલીકીનાં વાહન નં.જી.જે.૦૧ ડી.વી.૫૮૪૪ માં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા

અને સામાવાળા નં.૧ ની ફરજ દરમ્યાન અકસ્માત થવાથી મૃત્યુ થયેલ છે. આથી અરજદારોને અરજીમાં માગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૭) ત્યારબાદ હાલનાં કામે સામાવાળા નં. ૨ તર્ફે પ્રોકસી વિ.વ.શ્રી.બી.એચ.ઠકકરનાં ઓની મૌખીક દલીલ સાંભળવામાં આવેલ છે. તેઓએ જણાવલે છે કે,હાલનાં ગુજરનાર છુટક ડ્રાઈવીંગ કરતા હતા. વધુમાં એફ.આઈ.આર. જોતા તેમાં ડ્રાઈવરની બેદરકારીનાં કારણે અકસ્માત થયેલ હોવાનું જણાવેલ છે. અરજદારો તર્ફે માલીક–કામદાર અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. તેથી અરજદારની અરજી રદ્ ફરમાવવા વિનંતી કરેલ છે. વધુમાં સામાવાળા નં. ૨ તર્ફે દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદો રજુ કરેલ છે.

- (૨૦૧૬) એસીસી ૭૪૦ નામદાર બોમ્બે હાઈકોર્ટ,નામદેઓ વિ. ભરત અને બીજાંઓ.

(૮) ઉપરોકત હકીકતે સદરહું કેસનાં ન્યાયીક નિર્ણય અર્થે અમારા પુરોગામી કમિશ્નરશ્રીએ આંક–૧૩ થી નીચે મુજબનાં મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

## *–:: મુદ્દાઓ ::–*

**૧.** શું હાલનાં અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિતો અને વારસો છે. ?

**૨.** શું ગુજરનાર સામાવાળા નં.૧ નાં કામદાર હોવાનું સાબીત થાય છે. ?

**૩.** ગુજરનારને સામાવાળાની નોકરી અને ફરજ બજાવતા દરમ્યાન અકસ્માત થયેલો ? જો હા, તો તે અકસ્માતમાં થયેલ ઈજાઓનાં કારણે ગુજરનારનું મૃત્યુ થયેલ છે ?

**૪.** અકસ્માત સમયે ગુજરનારની ઉમર શું હતી તે પુરવાર કરે છે ? માસીક પગાર કેટલો હતો ? તે પુરવાર કરે છે.

**૫.** સામાવાળાઓ વળતરની રકમ ચુકવવા જવાબદાર થાય છે કે કેમ ? જો હા તો કેટલી રકમ ?

**૬.** વીમા કંપનીની શું જવાબદારી થાય છે ?

**૭.** સામાવાળાઓ વળતરની રકમ ઉપર શું તેઓ પેનલ્ટી અને વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે ?

**૮.** શું આખરી હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

**૧.** હકારમાં.

**૨.** હકારમાં.

**૩.** હકારમાં.

**૪.** અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૫૦ વર્ષ અને માસીક પગાર રૂા.૮,૦૦૦/-

**૫.** સામાવાળા નં.ર વળતરની રકમ રૂા.૬,૧ર,૩૬૦/- ચુકવવા જવાબદાર થાય છે.

**૬.** સામાવાળા નં.ર વળતરની રકમ રૂા.૬,૧ર,૩૬૦/- અકસ્માત તારીખથી ૧ર% વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે. સામાવાળા નં.૧ માલિક વળતરની રકમ ઉપર ૫૦% પેનલ્ટી ચુકવવા જવાબદાર થાય છે.

**૭.** સામાવાળા નં.ર વળતરની રકમ રૂા.૬,૧ર,૩૬૦/- અકસ્માત તારીખથી ૧ર% વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે.

**૮.** આખરી હુકમ મુજબ.

## -:: <u>કા ર ણો</u> ::-

**(૧૦) <u>મુદ્દા નં. ૧</u> ::-**

**(૧૦.૧)** સદર કામે અરજદાર તથા સામાવાળા તર્ફે રજુ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા પહેલાં પ્રથમ વર્કમેન્સ કોમ્પેનસેશન એકટ,૧૯ર૩ નાં પ્રકરણ-ર માં કરવામાં આવેલ જોગવાઈને ઘ્યાને લેવામાં આવે તો તે કેટલાક ચોકકસ વર્ગનાં માલીકો તેમના કામદારોને સંસ્થામાં કામ કરતા દરમ્યાન થયેલ અકસ્માત ઈજાનાં કારણે આવતી કાયમી આંશીક કે પુરેપુરી અશકતતા કે ઈજાનાં કારણે થતાં અકસ્માત મૃત્યુનાં કિસ્સામાં શ્રમયોગી કે તેનાં આશ્રિતોને વળતર ચુકવી આપે તે સુનિશ્ચિત કરવાનાં હેતુથી રચાવામાં આવેલ છે. તે સં જોગોમાં અરજદાર ઉપર સૌપ્રથમ એ હકકીત સાબીત કરવાની જવાબદારી રહેલ છે કે, ગુજરનાર અને સામાવાળા વચ્ચે કામદાર-માલીકનો સંબંઘ છે. વઘુમાં ગુજરનારનું અવસાન પોતાની ફરજ દરમ્યાન અને ફરજનાં ભાગે કરવામાં આવેલ કામગીરી દરમ્યાન થયેલ છે. વઘુમાં વર્કમેન્સ કોમ્પેનસેશન એકટ,૧૯ર૩ માં કયાંય અકસ્માત શબ્દની વ્યાખ્યા આપવામાં આવેલ નથી. તેમજ કામદાર રાજય વીમા અઘિનિયમમાં પણ તેની વ્યાખ્યા નથી. પરંતુ "અકસ્માત" નો ડિકશનરી અર્થ એ થાય કે "કાંઈ પણ જાણ થયા વિના અણઘાર્યો બનાવ."

**(૧૦.ર)** ઉપરોકત મુદ્દાનું સ્વરૂપ જોતાં અરજદારો ગુજરનારનાં આશ્રિતો તથા વારસો છે કેમ

તે અંગે અરજદારો તર્ફે રજુ અરજીમાં ગુજરનાર સ્વ. ડિગ્રી યાદવનાં અરજદાર નં.૧ પત્નિ તથા અરજદાર નં.ર થી નં.૪ સંતાનો હોવાનું દર્શાવેલ છે. સદર હકીકતોનું ખંડન કરવા સામાવાળા નં.૧ તર્ફે આ કામે હાજર રહી જવાબ કે કોઈ પણ પ્રકારનો પુરાવો રજુ કરેલ નથી. વધુમાં સામાવાળા નં.ર તર્ફે આંક–૧૧ થી જવાબ રજુ કરેલ છે. સદર જવાબમાં અરજદારની સદર હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે. પરંતુ અરજદારોની સદર હકીકત વિરૂઘ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવા કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. હાલનાં કામે તેઓનાં કથનનાં સમર્થનમાં અરજદાર નં.ર તર્ફે આંક–૧૪ થી સોગંદ ઉપરની જુબાની રજુ કરેલ છે. સદર જુબાનીમાં સોગંદનામામાં સદર હકીકતો જણાવી તેને વળગી રહેલ છે. સદર હકીકતે બાબતે સામાવાળા નં.ર તર્ફે વિ.વ.શ્રી દ્રારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં અરજદારો ગુજરનારનાં વારસો તથા આશ્રિતો હોવા વિરૂઘ્ધની કોઈ હકીકત વિરૂઘ્ધનો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ નથી. તેથી અરજદારો ગુજરનારના કાયદેસરનાં વારસદારો તથા આશ્રિત હોવાનું ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં સદર હકીકત બાબતે કર્મચારી વળતર અધિનિયમ,૧૯ર૩ ની કલમ–ર(૧)(ડી) ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે ––

- કલમ–ર(૧)(ડી) ની જોગવાઈ ઘ્યાને લેતાં આશ્રિત એટલે મૃત્યુ પામેલા કામદારનાં કોઈ સગાં પૈકી–

  **(૧)** વિધવા, સગીર ઔરસ અથવા દત્તક લીધેલ પુત્ર અને અપરિણીત ઔરસ અથવા દત્તક લીધેલ પુત્રી અથવા વિધવા માતા અને

  **(૨)** કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરો આશ્રિત હોય તો અઢાર વર્ષની વયનો પણ અશકત પુત્ર અથવા પુત્રી,

વધુમાં વિવરણમાં જણાવેલ છે કે, <u>પેટા–કલમ(૧) આ ખંડ (ડી) નાં પેટા–ખંડ(ર)</u> :– આ પેટા ખંડ (ર) માં બે મુખ્ય બાબતો છે. **(૧)** દાવેદાર સંપૂર્ણપણે તેના મૃત્યુ વખતે તેના ઉપર આશ્રિત હોવા જોઈએ, **(૨)** તે અશકત હોવા જોઈએ, **(૩)** કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરા અથવા અશંતઃ આશ્રિત હોય તો, **(એ)** વિધુર, **(બી)** માતા કે પિતા, **(સી)** સગીર અનૌરસ પુત્ર, અપરિણીત અનૌરસ પુત્રી અથવા પરણેલી અને સગીર અથવા વિધવા અને સગીર ઔરસ અથવા અનૌરસ અથવા દત્તક લીધેલ પુત્રી, **(ડી)** સગીર ભાઈ અથવા અપરિણીત કે વિધવા બહેન, **(ઈ)** વિધવા પુત્રવધુ, **(એફ)** મૃત્યુ પામેલ પુત્રનું સગીર બાળક, **(જી)** પહેલાં મૃત્યુ પામેલી પુત્રીનું સગીર

સંતાન, તેના માતા–પિતા હયાત ન હોય તો અથવા **(એચ)** કામદારનાં માતા–પિતા હયાત ન હોય, તો પિતામહ અથવા પિતામહી.

આમ, સદર વ્યાખ્યા મુજબ ઉપરોકત અરજદારોનો આશ્રિતની વ્યાખ્યામાં સમાવેશ થતો હોઈ, હાલનાં કામે અરજદારો અનુક્રમે ગુજરનારનાં પિતા તથા માતા થાય છે. તેમજ અકસ્માત સમયે અરજદારનાંઓ ગુજરનારની કમાણી ઉપર આશ્રિત હતા. જેથી તેઓને ગુજરનારનાં વારસ તથા આશ્રિતો તરીકે હાલના કામે સ્વીકારવામાં આવે છે. વધુમાં હાલનાં કામનાં અરજદારો ગુજરનાર મર્હુમનાં અનુક્રમે વિધવા, પુત્રો અને પુત્રીઓ થાય છે. તેઓ પૈકી અરજદાર નં.૨ સ્વ. ડિગ્રી યાદવનાં અકસ્માત મૃત્યુ સમયે પુખ્તવયનાં હોય તે સંજોગોમાં અરજદાર નં.૨ નાંઓ કર્મચારી વળતર અધિનિયમ,૧૯૨૩ ની કલમ–૨(૧)(ડી) ની જોગવાઈ ધ્યાને લેતાં આશ્રિતોની વ્યાખ્યામાં આવતા ન હોય, તેઓને મર્હુમનાં આશ્રિત તરીકે હાલનાં કામે સ્વીકારવામાં આવેલ નથી. જયારે હાલનાં કામનાં અરજદાર નં.૧ તથા નં.૩ થી નં.૫ નાંઓ વિધવા, સગીર પુત્ર અને સગીર પુત્રીઓ થાય છે. જેથી તેઓને ગુજરનાર સ્વ. ડિગ્રી યાદવનાં વારસો તથા આશ્રિતો હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**(૧૧) <u>મુદા નં.૨ તથા નં.૩</u>** ::–

મુદ્દા નં. ૨ તથા નં. ૩ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં. ૨ તથા નં. ૩ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુકત તારણ આપવામાં આવેલ છે.

**(૧૧.૧)** આ કામના અરજદારે પોતાની વળતર અરજીમાં જણાવેલ છે કે, "આ કામનાં ગુજરનાર ડિગ્રી યાદવ તા.૦૧/૧૦/૨૦૧૫ નાં રોજ ખેડોઈથી વાહન નં.જી.જે.૦૧ ડી.વી.૫૮૪૪ માં ભરેલ પાઈપ લઈને બોટાદ જતા હતા ત્યારે વાંકાનેર તરફ ગાડી પલ્ટી મારી જતા અકસ્માતનાં કારણે આ કામનાં ગુજરનાર સ્વ. ડિગ્રી યાદવનું અવસાન થયેલ છે. સદર હકીકતનું ખંડન કરવા સારું સામાવાળા નં.૧ તર્ફે હાજર રહી જવાબ કે કોઈ પણ પ્રકારનો પુરાવો રજુ કરેલ નથી. જયારે સામાવાળા નં.૨ તર્ફે આ કામે હાજર થઈ આંક–૧૧ થી જવાબ રજુ કરેલ છે. પરંતુ અરજદારની અરજીની સદર હકીકતનું ખંડન કરતો વિરૂધ્ધનો પુરાવો રજુ કરેલ નથી. અરજદાર નં .૧ તર્ફે અરજીનાં સમર્થનમાં આંક–૧૪ થી પુરાવાનું સોગંદનામુ રજુ થયેલ છે. સદર

હકીકતે અરજદારની સામાવાળા નં.ર તર્ફે વિ.વ.શ્રી. દ્રારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ સદર હકીકત વિરૂઘ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ નથી. વધુમાં અરજદારો તર્ફે આ કામે આંક–ર૩ થી એફ.આઈ.આર., આંક–ર૪ થી ગુજરનારનો પી.એમ. રીપોર્ટની નકલ રજુ કરેલ છે. જે પૈકી એફ.આઈ.આર. વંચાણે લેતાં સદર ફરીયાદ સામાવાળા નં. ૧ ની કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા રોહતાષકુમાર શર્માએ લખાવેલ છે. જે વંચાણે લેતાં અરજદારોની વળતર અરજીની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમાં ગુજરનારનાં પી.એમ.નોટની નકલ ઘ્યાને લેતાં ગુજરનારનું અકસ્માતનાં કારણે ગંભીર ઈજાઓ થવાથી મૃત્યુ થયેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમાં આ કામમાં સામાવાળા નં. રનાંએ આંક–૧૯ થી વાહન ટ્રેલર નં.જી.જે.૦૧ ડી.વી.પ૮૪૪ ની વીમા પોલીસીની નકલ રજુ કરેલ છે તે જોતા ટ્રકનાં માલીક તરીકે મેસર્સ કે. લોગ ગ્લોબલ પ્રા. લી. એટલે કે આ કામનાં સામાવાળા નં.૧ નું નામ છે. આથી ગુજરનાર સામાવાળા નં.૧ નાં કામદાર હોવાનું તેમજ સામાવાળા નં.૧ ગુજરનારને કામે રાખનાર માલીક હોવાનું પુરવાર થાય છે અને તેથી આ કાયદાની કલમ–ર(એન) મુજબ ગુજરનાર સામાવાળા નં.૧ ના કામદાર હતા અને સામાવાળા નં.૧ આ કાયદાની કલમ–ર(૧)(ઈ) મુજબ માલીક હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી આ કામનાં ગુજરનાર સ્વ. ડિગ્રી યાદવ સામાવાળા નં.૧ નાંઓનાં કામદાર હતા અને સામાવાળા નં. ૧ નાંઓને ત્યાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન અકસ્માતનાં કારણે ગંભીર ઈજાઓ થવાથી ગુજરનારનું મૃત્યુ થયેલ હોવાનું પુરવાર થાય છે. જેથી મુદા નં.ર તથા નં .૩ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ હકારમાં આપવામાં આવે છે.

**(૧ર) <u>મુદ્દા નં.૪</u> ::–**

અકસ્માત વખતે અરજદારની ઉંમર પુરવાર કરવા બાબતે અરજદાર તર્ફે આંક–રપ થી ગુજરનારનું ડ્રાઈવીંગ લાઈસન્સ રજુ કરેલ છે. સદર ડ્રાઈવીંગ લાઈસન્સ વંચાણે લેતાં તેમાં અરજદારની જન્મ તા.૧૦/૦૬/૧૯૬પ દર્શાવેલ છે. વધુમાં અકસ્માતનો બનાવ તા. ૦૧/૧૦/ર૦૧પ નાં રોજ બનવા પામેલ છે. વધુમાં સદર હકીકત વિરૂઘ્ધનો સામાવાળા નં.૧ તથા નં.ર નાંઓ તર્ફે કોઈ પણ પ્રકારનો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં સફળ થયેલ નથી. આ સંજોગોમાં અકસ્માત સમયે અરજદારની ઉંમર પ૦ વર્ષની હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં.૪ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

વધુમાં અરજદારોએ પોતાની વળતર અરજીમાં ગુજરનાર સામાવાળા નં.૧ ની નોકરી દરમ્યાન મહિને રૂા.૧૨,૦૦૦/– પગાર અને દૈનિક ભથ્થુ રૂા.૧૦૦/– ડ્રાઈવર તરીકે મેળવતા હોવાનું જણાવેલ છે. સદર બાબતે સામાવાળા નં.૨ નાંઓએ હાજર થઈ અરજદારની આ હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં સદર હકીકત બાબતે અરજદારો તર્ફે અરજદાર નં.૨ નું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે અને સદર હકીકતને વળગી રહેલ છે. સદર હકીકત બાબતે સામાવાળા નં.૨ તર્ફે અરજદારની ઉલટતપાસ કરેલ છે. પરંતુ તેમાં પણ વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવામાં સફળ થયેલ નથી. જયારે સામાવાળા નં.૧ નાંઓએ આ કામે હાજર રહી સદર હકીકતનું ખંડન કરતો કોઈ પણ પ્રકારનો પુરાવો રજુ કરેલ નથી. તે જ રીતે ઉપરોકત સદર હકીકત કે ગુજરનાર દર મહિને રૂા.૯,૦૦૦/– પગાર મેળવતા હોવા બાબતે અરજદારોઓએ પણ સ્પષ્ટ માનાવલાયક પુરાવો રજુ કરી, સદર હકીકત પુરવાર કરેલ નથી. આમ, સદર પુરાવો અધુરો અને અસ્પષ્ટ હોવાનું જણાઈ આવે છે. વધુમાં બનાવ તા. ૧૫/૦૫/૨૦૧૨ નાં રોજ બનેલ છે. આ સંજોગોમાં શ્રમ અને રોજગાર મંત્રાલયનું તા. ૩૧/૦૫/૨૦૧૦ નું નોટીફીકેશન વંચાણે લેતાં ઉપરોકત સંજોગોમાં કલમ–૪ સ્પષ્ટીકરણ–૨ માં વધુમાં વધુ રૂા.૮,૦૦૦/– પગાર ગણવો કે તેથી ઓછો. વધુમાં હાલનાં કેસમાં અકસ્માતનો બનાવ તા.૧૫/૦૫/૨૦૧૨ નાં રોજ બનેલ છે. આ સંજોગોમાં શ્રમ અને રોજગાર મંત્રાલયનું સદર નોટીફીકેશન વંચાણે લેતાં અકસ્માત સમયે ગુજરનારનો માસીક પગાર રૂા.૮,૦૦૦/– હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદા નં.૪ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

**(૧૩) <u>મુદ્દા નં.૫ થી ૭</u> ::–**

મુદ્દા નં.૫ થી નં.૭ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં.૫ થી નં.૭ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુકત તારણ આપવામાં આવેલ છે.

**(૧૩.૧)** હાલનાં કામે મુદ્દા નં.૫ થી નં.૭ અંગે જોતાં જયારે નોકર–માલીકનાં સંબંધો સામાવાળા નં.૧ સાથે પુરવાર થયેલ હોય તથા અકસ્માત ફરજનાં સમય દરમ્યાન અને ફરજના ભાગરૂપે કામ કરતા થયેલ હોય તથા તેમાં ગુજરનારને ઈજા થયેલ હોય અને ઈજાનાં કારણે તેઓનું અવસાન થયેલ હોવાનું પુરવાર થયેલ હોય, ત્યારે સામાવાળાઓ પાસેથી

કર્મચારી વળતર ધારાની જોગવાઈઓ મુજબ અરજદાર નં.ર સીવચાનાં અરજદારો વળતર મેળવવા હકકદાર થતા હોવાનું પુરવાર થાય છે. વધુમાં હાલનાં કામે સામાવાળા નં.ર તર્ફે આંક –૧૯ થી વીમા પોલીસી રજુ થયેલ છે. સદર પોલીસી પીરીયડ તા.ર૬/૦૮/ર૦૧પ થી તા. રપ/૦૮/ર૦૧૬ નાં રોજનો દર્શાવેલ છે. બનાવ તા.૦૧/૧૦/ર૦૧પ નાં રોજ બનેલ છે. આમ, સદર હકીકત ઘ્યાને લેતાં પોલીસી પીરીયડમાં બનાવ કવર થાય છે.

**(૧૩.ર)** વધુમાં અકસ્માતનાં સમયે આ કાયદાની જોગવાઈ જોતાં ગુજરનારની ઉંમર પ૦ વર્ષ અને માસીક આવક રૂા.૮,૦૦૦/– હોવાનું ઠરાવવામાં આવેલ છે. જેથી કર્મચારી વળતર અધિનિયમની કલમ–૪ મુજબ વળતરની ગણતરી મુજબ અકસ્માતમાં થયેલ ઈજાનાં કિસ્સામા માસીક આવકનાં પ૦% એટલે કે રૂા.૪,૦૦૦/–, રીલેવન્ટ ફેકટર અનુસુચિ–૪, કલમ–૪, પ૦ વર્ષની ઉંમર સંબંધિત અવયવ ૧પ૩.૦૯ ને ગુણત્તા રૂા.૬,૧ર,૩૬૦/– (અંકે રૂપીયા છ લાખ બાર હજાર ત્રણ સૌ સાંઈઠ પુરા) વળતર તરીકે અરજદાર નં.ર સિવાયનાં અરજદારો અરજદારો સામાવાળાઓ પાસેથી સંયુકત તેમજ પૃથ્થક રીતે મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૩.૩)** વધુમાં સામાવાળા નં.ર તર્ફે આંક–૧૯ થી વાહન નં.જી.જે.૦૧ ડી.વી.પ૮૪૪ ની વીમા પોલીસીની નકલ રજુ કરેલ છે તે જોતા ટ્રકનાં માલીક તરીકે મેસર્સ કે. લોગ ગ્લોબલ પ્રા. લી. એટલે કે આ કામનાં સામાવાળા નં.૧ નું નામ છે. સદર રજુ થયેલ વીમા પોલીસી ઘ્યાને લેતાં તેમાં સમયગાળો તા.ર૬/૦૮/ર૦૧પ થી તા.રપ/૦૮/ર૦૧૬ નો દર્શાવેલ છે. સદર અકસ્માત બનાવ તા.૦૧/૧૦/ર૦૧પ નાં રોજ બનેલ છે. જેથી બનાવ સમયે વાહનની વીમા પોલીસી અસ્તીત્ત્વમાં હતી. વધુમાં સદર પોલીસી મોટર એકસીડેન્ટ એકટ,૧૯૮૮ મુજબની હોય, જેથી કર્મચારી વળતર અધિનિયમ,૧૯ર૩ની કલમ–૪(એ) વંચાણે લેતાં અકસ્માત વળતરની રકમ રૂા.૬,૧ર,૩૬૦/– (અંકે રૂપીયા છ લાખ બાર હજાર ત્રણ સૌ સાંઈઠ પુરા) ઉપર અકસ્માત તારીખથી ૧ર% વ્યાજ ચુકવવાની જવાબદારી સામાવાળા નં.ર વીમા કંપનીનાઓની ઠરાવવામાં આવે છે.

**(૧૩.૪)** વધુમાં પેનલ્ટી અને વ્યાજ કેટલું હોવુ જોઈએ તે અંગે જોતાં કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓ મુજબ પ૦% સુધીની રકમ પેનલ્ટીની થઈ શકે. હાલનાં કામે સામાવાળા નં.૧ તર્ફે કોઈ જ રકમ જમા કરાવેલ ન હોય, બેકાર રહેલાનું પુરવાર થતું હોય

તથા પેનલ્ટી શા માટે ઘટાડવી જોઈએ તે અંગે કોઈ રજુઆત કરતા ન હોય, પેનલ્ટીની રકમ ૫૦% ઠરાવવામાં આવે છે.

તેમજ કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓમાં ૧૨% સુધીના વ્યાજની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં તથા હાલનાં તબક્કે ***૨૦૦૯(૩) સી.એલ.આર. પાના નં.૭૭૧ નામદાર કલકતા હાઈકોર્ટનો સરબેશ્વર ભીમલાઈ બાપી ભીમલાઈ વિ. અરધેન્દુકુમાર રોય અને બીજાંઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટ ૨૦૧૪ એ.સી.જે. પાના નં.૪૮૦ ટી. સી. સેલજા વિ. ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કું. લી. અને બીજાંઓ*** નો ચુકાદો ધ્યાને લેતાં સ્પષ્ટપણે ૧૨% સુધીનું સાદું વ્યાજ ચુકવવા અંગેનો હુકમ કરવાની જોગવાઈ છે. જે ધ્યાને લેતાં હાલનાં કામે અકસ્માત તારીખથી ૧૨% લેખે સાદા વ્યાજની વળતર ઉપરાંતની રકમ ચુકવવા બંને સામાવાળાઓ જવાબદાર થાય છે. વધુમાં વ્યાજ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓમાં ૧૨% સુધીના વ્યાજની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં તથા હાલનાં તબક્કે ***નામદાર સુપ્રિમ કોર્ટે પી. મીનારાજ વિ. પી. અદિગરૂસ્વામી અને બીજાનાં, ૨૦૨૨ એ.સી.જે. પેજ નં.૧૦૦૧, ધી ઓરીએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લી. વિ. સી.બી. જ્યોર્જ નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૨(૩) જી.એલ.એચ. ૩૪૪, શોભા વિ. ચેરમેન, વિઠ્ઠલરાવ શિન્દે સહકારી સાખર કારખાના લીમીટેડ એ.આઈ.આર. ૨૦૨૨ એસ.સી. પેજ નં. ૧૪૧૦ નાં ચુકાદાઓમાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઓરીયન્ટલ ઈન્સ્યુરન્સ કું. લી. વિ. ગુલાબભાઈ બાબુભાઈનાં વારસોના ચુકાદામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે,*** **"વ્યાજની જવાબદારી કમીશનર એવોર્ડ કરે તે તારીખથી નહીં પણ અકસ્માત થયા તારીખથી થાય તેમ ઠરાવવામાં આવેલ છે".** જેથી અરજદાર નં.૨ સીવાયનાં અરજદારો બંને સામાવાળાઓ પાસેથી વ્યાજ અકસ્માત તારીખથી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૩.૫)** ઉપરોકત મુદ્દાની ચર્ચા કર્યા અનુસાર ગુજરનાર નોકરીનાં સમય દરમ્યાન અને ફરજનાં ભાગરૂપે કામ કરતા અવસાન થયેલ હોવા અંગેની હકીકત પુરવાર થયેલ હોય, અરજદારો ગુજરનારનાં આશ્રિત હોય ત્યારે તેઓ વળતર મેળવવા હકકદાર હોવાનું પુરવાર થાય છે. હાલનાં કામે બંને સામાવાળાઓ તર્ફે કોઈ વળતરની રકમ જમા કરાવેલ નથી. ત્યારે સ્પષ્ટપણે એ હકીકત રેકર્ડ ઉપર પુરવાર થાય છે કે, સામાવાળાઓ દ્વારા ગુજરનારનાં આશ્રિતોને વળતરની રકમ ચુકવવામાં તેઓ બેદરકાર રહેલ હોવાનું પુરવાર થાય છે. જેથી

પેનલ્ટીની રકમ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈ જોતાં વીમા કંપની જવાબદાર થતી નથી. વળતરની રકમ જમા કરાવવા કાયદાનાં પ્રસ્થાપિત સીધ્ધાંત ધ્યાને લેતાં સામાવાળા નં.૧ એ વળતર જમા કરાવવું જોઈએ જે જમા કરાવેલ ન હોય, પેનલ્ટી ચુકવવા તેઓ જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી હાલનાં કામમાં અકસ્માત વળતરની રકમ રૂા.૬,૧૨,૩૬૦/- (અંકે રૂપીયા છ લાખ બાર હજાર ત્રણ સૌ સાંઈઠ પુરા) ઉપર ૫૦% પેનલ્ટીની રકમ સામાવાળા નં.૧ અરજદારને ચુકવવા જવાબદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે અને જેથી ઉપરોકત ચર્ચાનાં અંતે મુદા નં.૫ થી નં.૭ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

**(૧૪)** ઉપરોકત મુદ્દા નં.૧ થી નં.૭ માં ચર્ચા કર્યા અનુસાર અરજદાર નં.ર સીવાયનાં અરજદારો ગુજરનારનાં વારસો તથા આશ્રિતો હોવાનું તથા ગુજરનાર સામાવાળા સંસ્થાને ત્યાં કામ કરતા હોવાનું અને ફરજનાં સમય દરમ્યાન અને ફરજનાં ભાગરૂપે અકસ્માતમાં ઈજા થયેલાનું તથા અવસાન પામેલ હોવાનું તથા અરજદારો વળતરની રકમ મેળવવા હકકદાર થતા હોવાનું પુરવાર થાય છે. વધુમાં અરજદાર નં.ર સીવાયનાં અરજદારો સામાવાળા નં.૧ સંસ્થા પાસેથી ૫૦% પેનલ્ટી અને અકસ્માત તારીખથી સામાવાળાઓ પાસેથી વળતરની રકમ ચુકવે નહીં ત્યાં સુધીનું ૧૨% લેખે સાદા વ્યાજની રકમ સંયુકત તેમજ પૃથ્થક રીતે મેળવવા અંગે હકકદાર હોવાનું પુરવાર થાય છે. આમ, ઉપરોકત ચર્ચાનાં અંતે તમામ હકીકતો ધ્યાને લેતાં ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૮ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## -:: <u>આખરી હુકમ</u> ::-

**(૧)** આથી અરજદારોની હાલની વળતર અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

**(૨)** હાલનાં કામનાં સામાવાળા નં. ૨ વીમા કંપનીનાઓને અકસ્માત વળતરની રકમ રૂા. ૬,૧૨,૩૬૦/- (અંકે રૂપીયા છ લાખ બાર હજાર ત્રણ સૌ સાંઈઠ પુરા) અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ સહિત રકમ અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** હાલનાં કામનાં સામાવાળા નં.૧ સંસ્થાએ વળતરની રકમ રૂા.૬,૧૨,૩૬૦/- (અંકે રૂપીયા છ લાખ બાર હજાર ત્રણ સૌ સાંઈઠ પુરા) ઉપર ૫૦% પેનલ્ટીની રકમ અરજદારોને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) હાલનાં કામનાં સામાવાળાઓએ આ હુકમ મળ્યેથી દિન–૩૦ માં હુકમનો અમલ કરવાનો રહેશે.

હુકમ આજરોજ તારીખ ૨૯[મી] માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તારીખ :– ૨૯/૦૩/૨૦૨૩
સ્થળ :– ગાંધીધામ.

**(મનોજભાઈ શાંતિલાલ સોલંકી)**
કમિશ્નરશ્રી, વ. કો. એકટ, લેબર કોર્ટ,
(જે.ડી.) ગાંધીધામ, જી. કચ્છ.

***<u>સ્ટેનો: ટી.એન.વોરા.</u>***

***JUDGE CODE : GJ01300***